ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ – ભુજ કચ્છ. ફોન નં.: ૨૩૫ ૦૩૫
Email-coe@kskvku.ac.in web: kskvku.ac.in

રેફ: કયુ/પવિ/પરીક્ષા આવેદન/૨૦૨૫/ તા : ૦૧/૦૯/૨૦૨૫

# પ રિ પ ત્ર ક્રમાંક : ૨૦૦ (પરીક્ષા ફી આવેદનપત્ર)

**વિષય :** નવે.ડિસે. ૨૦૨૫ માં યોજાનાર પરીક્ષાના આવેદનપત્ર ભરાવવાની તથા પ્રક્રિયા કરવાની તારીખો બાબત.
**વંચાણ :** ૧. માનનીય કુલપતિશ્રીની તા. ૦૩/૦૭/૨૦૨૫ મંજુરી અન્વયે.
૨. માનનીય કુલપતિશ્રીની તા. ૦૧/૦૯/૨૦૨૫ પ્રેકિટકલ ફી મંજુરી અન્વયે.
૩. માનનીય કુલપતિશ્રીની તા. ૦૧/૦૯/૨૦૨૫ માર્કસ એન્ટ્રી મંજુરી અન્વયે.

આથી કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાશાખા હેઠળના વિભાગ/કોલેજોના અધ્યક્ષશ્રી/આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા લેવાનારી આગામી પરીક્ષાઓ માટેના પરીક્ષાનાં ફોર્મ ભરી પરીક્ષાર્થીઓ દ્વારા યોગ્ય રીતે પૂર્ણ કરાવી જે–તે વિભાગ/કોલેજોના અધ્યક્ષશ્રી/આચાર્યશ્રીએ પ્રમાણિત કરી, વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર **કુલ સચિવ,કચ્છ યુનિવર્સિટીના નામનો ચેક (Atpar)** મોકલી આપવા વિનંતી.

૧. પરીક્ષા ફોર્મ/ચલણ પરીપત્રમાં આપવામાં આવેલ તારીખો મુજબ વિભાગ/કોલેજ પરીક્ષા ફી, ઇન્વર્ડ રીપોર્ટ,ફી ચલણ વગેરે જરૂરી દસ્તાવેજો રૂમ.નંબર:૧૦૮ – પરીક્ષા વિભાગ,કચ્છ યુનિવર્સિટી ખાતે જે તે સમયની ફી તારીખ પૂર્ણ થયા બાદ દિન–૨ માં અચુક જમા કરાવવાનાં રહેશે. સમયપુરો થઇ ગયા બાદ ફાઇલ સ્વીકારવામાં આવશે નહિ.

૨. જો કોઇ વિદ્યાર્થીના વિષયમા ફેરફાર જણાય તો અચુક પણે ફોર્મ ઇન્વર્ડ કરતાં પહેલા વિભાગ/કોલેજ વિદ્યાર્થી દ્વારા જરૂરી ચકાસણી કરી લેવાની રહેશે, અન્યથા જવાબદારી જે તે વિભાગ/કોલેજની રહેશે.

૩. પરીક્ષાના આવેદનપત્રો(પરીક્ષા ફોર્મ) આપના વિભાગ/કોલેજ ના **લોગીનમાં જનરેટ થયા છે કે નહી તે ચકાસણી કરી** ત્યાર બાદ વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા રૂબરૂ બોલાવવાના રહેશે.

૪. ડીજીટલ પ્રોજેકટમાં સમાવેલા વિદ્યાર્થીઓની ફી–ફોર્મ જમા કરાવવા આવે ત્યારે રૂ. ૨૫/– ફી જમા કરાવવાની રહેશે.

૫. હાર્ડકોપી ચલણ ક્રમ અનુસાર ફાઈલમાં રાખી પરીક્ષા (WHOLE EXAM) ખંડ પરીક્ષા (PART EXAM) એ.ટી.કે.ટી (ATKT EXAM) એમ ત્રણ કેટેગરીમા વિષયવાર ગોઠવીને લાવવાના રહેશે તે જ પ્રમાણે હાર્ડકોપી ચલણ સાથે મોકલાવવાની રહેશે જેમા આચાર્યશ્રીના સહિ–સિકકા સાથે જમા કરવાના રહેશે.

૬. ડીજીટલ યુનિવર્સિટી પ્રોજેકટમાં PRN/SP ID ધરાવતા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ આપની કોલેજ/ડીપાર્ટમેન્ટને આપવામા આવેલ વેબ લોગીન માંથી ડાઉનલોડ કરવાના રહેશે તથા આપને આપવામાં આવેલ સમય મર્યાદામાં લોગીન દ્વારા જ ઇનવર્ડ કરવાના રહેશે

૭. જે વિદ્યાર્થીઓએ રી ચેકીગ/રી એસએસમેન્ટ માટે અરજી કરી હોય અને તેઓનું પરીણામ જાહેર ન થયું હોય તો તેવા કિસ્સામા ફોર્મ ભરવા માટે નિયત કરેલ તારીખમાં ફોર્મ ભરવાના રહેશે. રીએસએસમેન્ટના પરીણામ પછી છેલ્લી તારીખ ચાલી ગઈ હશે તો ફોર્મ સ્વીકારાશે નહી, જેની ખાસ નોંધ લેશો.

૮. જે વિદ્યાર્થી **ગેરરીતી આચરતાં પકડાયા હોય** તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા શુદ્ધી સમિતિના નિર્ણય મુજબ જ પરીક્ષાના આવેદનપત્ર ભરાવવું તેમજ તેવા કિસ્સામાં સજા / પ્રવેશબંધીના જાહેરનામાની ઝેરોક્ષ નકલ આવેદનપત્રમાં સાથે અવશ્ય બીડવાની રહેશે. જે વિદ્યાર્થી ગેરરીતી આચરતા પકડાયા હોય અને તેવા વિદ્યાર્થીના કિસ્સામા અંતિમ નિર્ણય ન લેવાયો હોય ત્યાં સુધી કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવા નહી.

૯. પરીક્ષાના **આવેદનપત્ર ન ભરનાર** વિદ્યાર્થીને પરીક્ષામાં **બેસવા દેવા નહિ,** તેમ છતાં બારોબાર પરીક્ષામાં બેસવા દેવામા આવશે તો તેવા વિદ્યાર્થીઓના પરીણામ રદ કરવામા આવશે અને તે અંગેની તમામ જવાબદારી જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલક /આચાર્યશ્રીની રહેશે.

૧૦. વિદ્યાર્થીઓ તરફથી આવેદનપત્રોમાં જણાવેલ નામ વૈકલ્પિક તેમજ મૂકિતના વિષયોની વિગત ખરી જણાવી છે કે નહિ તેની ચકાસણી કોલેજ/વિભાગ કાર્યાલય તરફથી કરવામાં આવતી નથી જેને કારણે ઘણા વિદ્યાર્થીઓના નામમાં તથા વિષયોમા ભૂલો રહી જવા પામે છે તેમજ પરીણામમાં પણ પાછળથી ફેરફાર કરવા પડે છે અથવા અટકાવા પડે છે આવુ ન બને માટે **આવેદનપત્રોની કોલેજ કક્ષાએ સંપૂર્ણ ચકાસણી** આચાર્યશ્રીની દેખરેખ હેઠળ થાય તેવો આગ્રહ રાખવામાં આવે

છે. આમ છતાં પરીક્ષા પહેલા ભુલ માલુમ પડે તો તેની યાદી તાત્કાલીક પરીક્ષા નિયામકશ્રીને નામે મોકલી આપવી.પરીણામ જાહેર થયા બાદ માર્કશીટમાં સુધારા માટે માર્કશીટ દીઠ રૂ.૧૦૦/– લેવામાં આવશે.

૧૧. આગામી **નવે.ડિસે. ૨૦૨૫** માં લેવાનારી જુદી જુદી લેખિત પરીક્ષાઓના કેન્દ્રો અંગે વિદ્યાર્થીઓએ પોતાની કોલેજના ફાળવેલ કેન્દ્ર માંથી જ પરીક્ષા આપવાની રહેશે અન્ય કેન્દ્ર પર પરીક્ષા આપવાની જોગવાઈ નથી. આ બાબતે વિદ્યાથીઓનું ધ્યાન દોરવા વિનંતી છે.

૧૨. વિદ્યાર્થી **પરીક્ષા આપવા આવે** ત્યારે આપેલ **હોલ ટીકીટ/ઓળખપત્ર** અને પરીક્ષા ફી રસીદ વિદ્યાર્થીએ સાથે રાખવાની રહેશે. આ નિયમ તરફ વિદ્યાર્થીઓનું ખાસ ધ્યાન દોરવા વિનંતી છે.

૧૩. **ગુણ ચકાસણી/પુનઃમુલ્યાંકન** માટે **તા. ૦૧/૦૭/૨૦૨૪નાં પરિપત્ર અનુસાર કાર્યવાહી કરવાની** રહેશે.

૧૪. કોઈ કારણોસર પરીક્ષા ફોર્મ ઓનલાઈન જનરેટ ન થયેલ હોય તેવા કેસમાં **સિસ્ટમ/કોમ્પ્યુટર વિભાગનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો.**

<u>ઇન્ટરનલ / પ્રેક્ટીકલ / વાયવા</u>

૧૫. **ઈન્ટર્નલમાં** કોઇ પણ વિધાર્થી નાપાસ હોય તો પણ તેનું પરીક્ષા ફોર્મ ઇન્વર્ડ કરવાનુ રહેશે. જેની પરીક્ષા ફી ભરવાની રહેશે નહી. **માત્ર ફોર્મ ફી ભરવાની રહેશે.**

૧૬. ઇર્ન્ટનલના **માર્કસની હાર્ડ કોપી** ફાઇલ સાથે પરીક્ષા પૂર્ણ થયાના **દિન–૧૦માં અત્રે જમાં** કરાવવાની રહેશે. હાર્ડ કોપી વિભાગ/કોલેજ દ્વારા જમા કરાવવામાં નહી આવે તેમના પરીણામ વીથ હોલ્ડ રાખવામાં આવશે.

૧૭. ઇન્ટરનલ માર્કસની વિભાગ/કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓ જાણ કરવાની રહેશે. **ઇન્ટરનલ માર્કસ નોટીસ બોર્ડ / વેબસાઇટ પર ફરજીયાત પણે મુકેલા હોવા** જોઇએ. આ માર્કસ ઓછામાં ઓછા ૧૦ દિવસ વિદ્યાર્થીઓ જોઇ શકે તે મુજબ રાખવાના રહેશે.

૧૮. ઇન્ટરનલ માર્કસમાં **વિદ્યાર્થીને અંસતોષ જણાય તો વિભાગ/કોલેજનાં ગ્રીવયન્સ સેલ દ્વારા કાર્યવાહી** કરવાની થશે.

૧૯. **પરીક્ષા શરૂ થવાના ૦૩ દિવસ પહેલા ઇન્ટર્નલ માર્કસ અપલોડ** કરવાનું શરૂ કરી શકાશે. જે કામગીરી દિવસ–૧૦ માં પૂર્ણ કરવાની રહેશે.

૨૦. **તા. ૦૨/૦૯/૨૦૨૪ મીટીગનાં આદેશાનુસાર યુનિવર્સિટી પોર્ટલ પર માર્કસ અપલોડ થઇ ગયા બાદ કોઇ ઇન્ટરનલ માર્કસ સુધારાની અરજી કરવામાં આવશે તો વિદ્યાર્થી દીઠ રૂ. ૫૦/– કોલેજે ભરવાના રહેશે.**

૨૧. **થીયરી પરીક્ષાઓ પહેલા વાયવા/પ્રેકટીકલ પરીક્ષા પુર્ણ** કરવાની રહેશે.

૨૨. **પ્રેકટીકલ અને વાયવા** પરીક્ષા તારીખો અંગે વિભાગ/કોલેજ દ્વારા નકકી કરવામાં અને વિદ્યાર્થીઓને જાણ આવે

૨૩. **વાયવા / પ્રેકટીકલના સમયકપત્રકની** જાણ પરીક્ષા વિભાગ ખાતે કરવાની થશે.

૨૪. **<u>વાયવા / પ્રેકટીકલના માર્કસ અધ્યાપક / અધ્યક્ષ / આચાર્યના લોગીન માંથી જે તે દિવસે જ એન્ટ્રી કરવાની ફરજીયાત રહેશે.</u>**

૨૫. **વાયવા / પ્રેકટીકલ માર્કસ કરેલ એન્ટ્રી પત્રકમાં એકસપર્ટ સહી સાથે પરીક્ષા વિભાગમાં અચુક જમા કરાવવાના રહેશે.**

૨૬. એકટર્નલ વિધાર્થીઓને લેટ ફી અને સુપર લેટ ફી એકટર્નલ વિભાગમાં ભરવાની રહેશે.

૨૭. **લેઈટ ફી બાદનાં** ફોર્મ કોલેજ મારફતે આચાર્યના સહી/સિકકા સાથે રૂબરૂ જ મોકલવાના રહેશે.

૨૮. પરીક્ષા ફોર્મ વિભાગ/કોલેજ દ્વારા જવાબદાર વ્યકિત સાથે **રૂબરૂમાં જ સ્વીકારવામાં** આવશે. કુરિયર/ટપાલ કે કોઇ વિદ્યાર્થી સાથે સ્વીકારવામાં આવશે નહિ.

૨૯. પરીક્ષા ફોર્મ નાં રકમ ચલણમાં દર્શાવ્યા મૂજબની પૂરેપૂરી ભરવાની રહશે. આ રકમ માંથી <u>માર્કશીટ વિતરણની રકમ</u> બાદ કરવાની રહેશે નહિ. પરીક્ષા ફોર્મની રકમ માંથી બાદ કરેલ રકમની ફાઇલ સ્વીકારવામાં આવશે નહિ.

૩૦. વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ **<u>આપવામાં આવેલ તારીખોમાં જ ઇન્વર્ડ કરવાનાં રહેશે.</u>** લેઇટ તારીખ વાળા ફોર્મ **ચલણમાં દર્શાવ્યા મુજબની રકમ સાથે જ સ્વીકારવામાં** આવશે. જે બાબતે ખાસ તકેદારી રાખવી.

૩૧. બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીગના ઠરાવ મુજબ તા. ૧૬/૦૫/૨૦૨૪ ના પરિપત્ર નં: ૯૬ મુજબ **પેર્ટન ૨૦૧૬,બી.બી.એ.૨૦૧૧ તથા બી.કોમ.રેગ્યુલર ૨૦૧૧ પેટર્ન પરીક્ષા જુન ૨૦૨૭ સુધી જ લઇ શકાશે.**

૩૨. આપની કક્ષાએ દરેક વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ઇનવર્ડ થયેલ છે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૩૩. **<u>વિભાગ/કોલેજ દ્વારા ફરજીયાત એક સેમેસ્ટર માટે એક જ ફી ચલણ જનરેટ કરવા જણાવવામાં આવે છે.</u>**

૩૪. **કચ્છ યુનિવર્સિટી વિભાગ દ્વારા પાર્ટ / એટીકેટી ના પરીક્ષા ફોર્મ, ફી રસીદ અને ચલણ સાથે જમાં કરાવવાનાં રહેશે.**

૩૫. કોલેજ દ્વારા ચાલતા દરેક કોર્ષ, સેમેસ્ટર,રેગ્યુલર,પાર્ટી નાં પરીક્ષા ફી જમાં કરાવતી વખતે **કોલેજ દીઠ એક જ ચેકમાં ફી આવરી લેવાની** રહેશે.

૩૬. **ગેરહાજર વિદ્યાર્થીઓની એન્ટ્રી પરીક્ષાના દિવસે જે તે પરીક્ષા સેન્ટર પરથી જ લોગીનમાં કરવાની રહેશે.**

૩૭. આ ઉપરાંત ગુજરાત સરકારશ્રી અને કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી દ્વારા આપેલ **વખતોવખતના નિયમોનુ** પાલન કરવાનું રહેશે.

# : પરીક્ષા ફોર્મ સ્વીકારવાની તારીખો :


| રેગ્યુલર ફી સાથે તારીખ | રૂ. ૧૦૦/– લેઈટ ફી સાથે તારીખ | રૂ. ૧૦૦૦/– લેઈટ ફી સાથે તારીખ |
|---|---|---|
| **05/09/2025 to 20/09/2025** | **23/09/2025 to 25/09/2025** | **27/09/2025** |

<table>
<tr><th>No.</th><th>Course Name / Sem.<br>(With NEP)</th><th>Reg./Rep./Ext.</th><th>Exam Fee + Exam Form Fee Rs.25/- (each Form)</th></tr>
<tr><td>1</td><td>B.A. Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep/Ext.</td><td rowspan="14"><u>U. G.</u><br><u>Per Paper</u><br>Regular : 75/-<br>Repeter : 115/-<br>U.A. / C.A.<br>Practical : 100/-<br>Per Practical<br>Viva Voce: 165/-<br>Dissertation: 280/-<br>Project work: 280/-</td></tr>
<tr><td>2</td><td>B.Com. Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep/Ext.</td></tr>
<tr><td>3</td><td>B.Com. (Hon.) Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Rep</td></tr>
<tr><td>4</td><td>B.Sc. Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>5</td><td>B.B.A. Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>6</td><td>B.C.A. Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>7</td><td>B.S. Fine Arts Sem. 3 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>8</td><td>B.S. Computer Science Sem. 3 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>9</td><td>B.Voc. (Hospitality) Sem. 3 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>10</td><td>B.Com. (Professional) Sem. 3 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>11</td><td>M.B.A.(Int.) Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>12</td><td>M.B.A.(Int.) Sem. 7, 9 (CBCS)</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>13</td><td>M.Sc.(CA&IT) Sem. 3, 5 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>14</td><td>M.Sc.(CA&IT) Sem. 7, 9 (CBCS)</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>15</td><td>M.A. Sem. 3 (Arch, Guj, Eng, Hindi, Sans, Psy, Soc, Eco, His.)</td><td>Reg./Rep./Ext.</td><td rowspan="12"><u>P. G.</u><br><u>Per Paper</u><br>Regular : 160/-<br>Repeter : 215/-<br>U.A. / C.A.<br>Practical : 265/-<br>Viva Voce: 265/-<br>Dissertation: 280/-<br>Project work: 280/-</td></tr>
<tr><td>16</td><td>M.Com. Sem. 3</td><td>Reg./Rep./Ext.</td></tr>
<tr><td>17</td><td>M.SC. Sem. 3 (I.T., Geo, Earth, Maths, Chem., App Geo. Microbiology)</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>18</td><td>M.S.W. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>19</td><td>M.L.W. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>20</td><td>M.P.A. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>21</td><td>B.Ed. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>22</td><td>M.Ed. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>23</td><td>M.B.A. (Reg.) Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>24</td><td>L.L.B. Sem 3, 5</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>25</td><td>L.L.B. Sem 2 , 4, 6</td><td>Rep.</td></tr>
<tr><td>26</td><td>L.L.M. Sem. 3</td><td>Reg./Rep.</td></tr>
</table>

| રેગ્યુલર ફી સાથે તારીખ | રૂ. ૧૦૦/– લેઇટ ફી સાથે તારીખ | રૂ. ૧૦૦૦/– લેઇટ ફી સાથે તારીખ |
|---|---|---|
| **20/09/2025 to 03/10/2025** | **06/10/2025 to 09/10/2025** | **13/10/2025** |

<table>
<tr><th>No.</th><th>Course Name / Sem.<br>(With NEP)</th><th>Reg./Rep./Ext.</th><th>Exam Fee +<br>Exam Form Fee<br>Rs.25/- (each Form)</th></tr>
<tr><td>1</td><td>B.A. Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep/Ext.</td><td rowspan="25"><u>U. G.</u><br><u>Per Paper</u><br>Regular : 75/-<br>Repeter : 115/-<br>U.A. / C.A.<br>Practical : 100/-<br>Per Practical<br>Viva Voce: 165/-<br>Dissertation: 280/-<br>Project work: 280/-<br><br><u>P. G.</u><br><u>Per Paper</u><br>Regular : 160/-<br>Repeter : 215/-<br>U.A. / C.A.<br>Practical : 265/-<br>Viva Voce: 265/-<br>Dissertation: 280/-<br>Project work: 280/-</td></tr>
<tr><td>2</td><td>B.Com. Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep/Ext.</td></tr>
<tr><td>3</td><td>B.Sc. Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>4</td><td>B.Com. (Hon.) Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Rep.</td></tr>
<tr><td>5</td><td>B.B.A. Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>6</td><td>B.C.A. Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>7</td><td>B.S. Fine Arts Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>8</td><td>B.S. Computer Science Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>9</td><td>B.Voc. (Hospitality) Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>10</td><td>B.Com. (Professional) Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>11</td><td>M.B.A.(Int.) Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>12</td><td>M.Sc.(CA&IT) Sem. 1 (N.E.P.) (CBCS )</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>13</td><td>M.A. Sem. 1<br>(Arch, Guj, Eng, Hindi, Sans, Psy, Soc, Eco, His.)</td><td>Reg./Rep./Ext.</td></tr>
<tr><td>14</td><td>M.Com. Sem. 1</td><td>Reg./Rep./Ext.</td></tr>
<tr><td>15</td><td>M.SC. Sem. 1<br>(I.T., Geo, Earth, Maths, Chem., App Geo. Microbiology)</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>16</td><td>M.S.W. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>17</td><td>M.L.W. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>18</td><td>M.P.A. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>19</td><td>B.Ed. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>20</td><td>M.Ed. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>21</td><td>M.B.A. (Reg.) Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>22</td><td>L.L.B. Sem 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>23</td><td>L.L.M. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>24</td><td>P.G.D.C.A. Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>25</td><td>PGD IR & HRD Sem. 1</td><td>Reg./Rep.</td></tr>
<tr><td>26</td><td>P.G.D.H.R.M. Sem.1</td><td>Reg./Rep.</td><td><u>Per Paper</u><br>Regular : 500/-</td></tr>
<tr><td>27</td><td>P.G.D.G.C. Sem. 1</td><td>Reg./Rep.</td><td><u>Per Paper</u><br>Reg. Rs. 300/-<br>Rep. Rs. 400/-<br>Viva Voce Fee:500/-</td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| 28 | **P.G.D.S.P.M.** Sem. 1 | Reg./Rep. | **Per Paper**<br>Regular : 300/-<br>Repeter : 400/-<br>Practical Fee : 500/-<br>Viva Voce Fee:300/- |



પરીક્ષા નિયામક
કચ્છ યુનિવર્સિટી,ભુજ

**નકલ રવાના ::**

- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ જાણ સારૂ.
- માનનીય કુલસચિવશ્રીના કાર્યાલય તરફ જાણ સારૂ.
- નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા માન. અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી તરફ.
- સિસ્ટમ ઇન્જીનીયરશ્રી તરફ અમલવારી સારૂ
  (તારીખ મુજબ પોર્ટલ લોક/અનલોક,ગેરરીતીના કિસ્સામાં વિદ્યાર્થીના ફોર્મ લોક કરવા, ઇન્ટર્નલ માર્કસ પોર્ટલ બાબતે યોગ્ય કરવા)
- વિધાર્થી શાખા તરફ અમલવારી સારૂ(એક્સર્ટનલ ફોર્મ તથા ફી સ્વીકારવા અંગે)
- કચેરી ફાઇલે